# મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામે ૪૫ને ઝાડા ઉલ્ટી

## પીવાના પાણીની પાઈપલાઈનમાં લિકેજથી રોગચાળો ફેલાવાની દહેશત





મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં બે દિવસમાં ૪૫ લોકોને ઝાડા ઉલટી થતાં જિલ્લા આરોગ્ય વિભાગની સાત ટીમોએ આરોગ્ય વિભાગને જાણ થતાં સર્વે અને સારવારની કામગીરીને ગામમાં ઉતારી દઈ સેમ્પલ લેવાની કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય તંત્રના પ્રાથમિક અંદાજ મુજબ દૂષિત પાણીના કારણે ગામમાં રોગચાળો ફેલાયો છે. જે ટુંક સમયમાં કાબુમાં આવી જશે.

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં છેલ્લા બે દિવસમાં ૪૫ થી વધુ લોકોને ઝાડા-ઉલટીની અસર વર્તાતા આરોગ્ય વિભાગને જાણ કરાઈ હતી. જેને પગલે જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ૭ ટીમોએ ગામમાં સર્વેની કામગીરી હાથ ધરી ક્લોરીન


(તસવીર : સમીર બલોચ, મોડાસા)




ટેબલેટનું વિતરણ કર્યુ હતુ. ગામમાં પીવાના પાણીની પાઈપલાઈનમાં લીકેજના કારણે દૂષિત પાણીથી ઝાડા ઉલટી થઈ હોવાની સંભાવના વચ્ચે જરૂરી પગલા હાથ ધરાયા હતા. બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર દ્વારા અસરગ્રસ્તોને સારવાર અપાઈ રહી છે. તાલુકા આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર ગામમાં દૂષિત પાણીના કારણે રોગચાળો ફેલાયો છે. જેથી ગામ લોકોને ગામનું પાણી બે દિવસ માટે નહિ આપી ટેન્કરથી પાણી પહોંચાડવાની કામગીરી કરાશે. હાલ લગ્નસરાની મોસમ ચાલુ છે. ત્યારે ગામમાં રોગચાળાની દહેશત વચ્ચે ગ્રામલોકોમાં પણ આરોગ્યની બાબતે ભય ઉભો થઈ ગયો છે. જેની આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ ટીમો ઉતારી દઈ ઘરે ઘરે જઈને સર્વે હાથ ધરાયો છે.

## ડીસામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત નવા બસ સ્ટેશન પાસેના દબાણો હટાવાયા

### લારી ગલ્લાઓ અને ઓટલાઓ તોડી દબાણો દૂર કર્યા

ડીસા, તા. ૨

સમગ્ર બનાસકાંઠા જિલ્લા સહિત ડીસામાં પણ ૧ મે ગુજરાત ગૌરવ દિન નિમિત્તે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ડીસા શહેરમાં આવેલ અદ્યતન સુવિધાઓ યુક્ત બનેલા નવા બસ સ્ટેશનમાં


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

નાયબ કલેક્ટરે રીવ્યુ બેઠક બોલાવી હતી. જે અંતર્ગત શનિવારે નવા બસ સ્ટેશન બહારના તમામ ગેરકાયદેસર દબાણો દુર કરવામાં આવ્યા હતા.

ડીસામાં ૧ લીમે ગુજરાત ગૌરવ દિન નિમિત્તે તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ડીસા શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, મંદિરો, બગીચા, શૌચાલયો, સરકારી કચેરીઓ અને શહેરમાં પ્રતિમાઓની સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જે અંતર્ગત ડીસાના નાયબ કલેક્ટરે શુક્રવારે નવા બસ સ્ટેશન ખાતે રીવ્યું બેઠક બોલાવી હતી. જેમાં નવા બસ સ્ટેશનમાં સ્વચ્છતા અને સુવિધાઓ સંદર્ભે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જે અંતર્ગત શનિવારે ડીસા નગરપાલિકા દ્વારા નવા બસ સ્ટેશન બહારના તમામ ગેરકાયદેસર દબાણો તોડી પાડવામાં આવ્યા હતા તેમજ દુકાનો આગળ બાંધવામાં આવેલ શેડ, ઓટલા, પાળી સહિતના દબાણો દુર કરાયા હતા.

આ અંગે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર હેમંત પટેલે જણાવ્યું હતું કે સમગ્ર ડીસા શહેરમાં ૧ મે થી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ડીસામાં નવા બસ સ્ટેશન પાસે આવેલા ગેરકાયદેસર દબાણો દુર કરાયા હતા અને કેટલાક વેપારીઓને સ્વચ્છતાના મુદ્દે નોટીસ ફટકારવામાં આવી હતી.

## મોડાસા એસ.ટી. ડેપોમાં રાત્રે મહેફિલ જામતી હોવાની બૂમ

મોડાસા, તા. ૨

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં સમગ્ર દેશમાં સૌથી વધાર વિદેશી દારૂ ગુજરાતીઓ ગટગટાવી જતા હોવાની બૂમો સંભળાતી જોવા મળે છે. ત્યારે અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા એસ.ટી. ડેપોના રેસ્ટ હાઉસમાં રાત્રી દરમિયાન વિદેશી દારૂ તેમજ દેશી દારૂની મહેફીલ જામતી હોવાની ચર્ચાએ નગરમાં જોર પકડયું છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં એસ.ટી.ડેપોમાં ગુજરાતભરમાંથી વિવિધ ડેપોની બસો રાત્રિ રોકાણ કરતી હોવાથી અહિંયા ડ્રાયવર-કડંકટર માટે રોકવવા સારૂ રેસ્ટ હાઉસ બનાવવામાં આવ્યું છે. જેમાં રાત્રી દરમિયાન ડ્રાયવર-કંકટર સરકારી કર્મચારી હોવાનું ભાન ભૂલી જઈ રેસ્ટહાઉસના ધાબા પર કે પછી


(તસવીર : જય અમીન, મોડાસા)

રેસ્ટહાઉસની અંદર દેશી દારૂ અને વિલાયતી શરાબની મહેફીલો માણતા હોવાની બૂમો છેલ્લા કેટલાય સમયથી સંભળાઈ રહી છે. અને મોડાસા એસ.ટી.ડેપોના કર્મચારીઓ કે અન્ય ડેપોના કર્મચારીઓ નશાની હાલતમાં વાહન હંકારતા પકડાય પણ છે. નશો કરી વાહન હંકારતા ડ્રાયવરોના હાથમાં આમ આદમીની જીંદગીઓ હોવા છતાં બેદરકારીભરી રીતે વાહન હંકારી લોકોના જીવ જોખમમાં મુકતા હોવા છતાં મોડાસા એસ.ટી. વિભાગ આ અંગેની ઘટનાથી અજાણ હોવાનું રટણ કરી રહી છે.

ગુજરાત એસ.ટી. વિભાગ દ્વારા મોડાસા એસ.ટી. ડેપોમાંથી મળી આવેલી વિદેશી અને દેશી દારૂની બોટલોની વાત ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ઓચિંતી રેડ કરવામાં આવે તો નશો કરી લોકોની જીંદગી જોખમમાં મુકતા કર્મચારીઓની અસલીયત બહાર આવે તદઉપરાંત બસ સ્ટેન્ડની નજીક લીયો પોલિસ ચોકી હોવા છતાં પોલિસતંત્રને પણ આ વાત ધ્યાને ન આવતા સમગ્ર જિલ્લામાં પોલિસની કામગીરી સામે પ્રશ્નાર્થ થઈ રહ્યા છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા ગુજરાત રાજ્યના ૫૫માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે હાર્દસમા બજાર વિસ્તારો અને રેસીડેન્ટ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ડે.સરપંચ અનિલભાઈ રાવલ, ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ક્લાર્ક શંકરલાલ પટેલ, પથુભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, કૌશીકભાઈ ત્રિવેદી, આંગણવાડીની બહેનો અને સફાઈ કામદારો ધ્વારા સફાઈ અભિયાન અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## પ્રાંતિજ કાટવાડ પાટીયા પાસે સિરામિક ફેકટરીઓના પ્રદુષણથી ખેડૂતો ત્રસ્ત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે નં. ૮ ૫ ૨ કાટવાડ પાટીયા પાસે આવેલ વિવિધ સિરામિક ફેકટરીના સફેદ પાવડર તથા ફેકટરીઓ દ્વારા ખરાબ પાણીનો નિકાલ કરવાને બદલે સીધે સીધુ પાણી જમીનમાં ઉતારવામાં આવે છે તેવી ચર્ચાઓએ પણ જોર પકડયું છે જે તપાસનો વિષય બન્યો છે. એક મહિના પહેલાં મજરા ચોકડી પાસે આવેલ ફેકટરી વિરૂદ્ધ બે ખેડૂતો દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળમાં કેસ દાખલ કર્યો છે અને તંત્ર દોડતું થયું હતું. જેમાં નાટયમય રીતે ખાલી નમૂના લીધાં હોય તેવી ચર્ચાએ જોર પકડયું છે.

પ્રાંતિજ તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ વિધાનસભાની અંદર આવી ફેકટરીઓ સામે ખેડૂતોના હિતને લઈ ધારદાર રજુઆતો કરી હતી અને જણાવ્યું હતું કે સિરામિક ઉદ્યોગોને કારણે પાસે આવેલ ખેતરોમાં વાવેલ પાક ઉપર રજકણો હવા દ્વારા પાસે આવેલા ખેતરોમાં જાય છે અને તેની વાવેતર કરેલ શાકભાજી કે અન્ય અનાજ ઉપર ભારે અસર પડે છે અને આ અંગે વિધાનસભા ગૃહમાં પણ ધારાસભ્ય દ્વારા ઉગ્ર રજુઆતો કરવા છતાં આવા ઉદ્યોગો સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી જેથી અધિકારીઓની ઉદ્યોગકારો સાથે મિલીભગત અને ભ્રષ્ટાચારના કારણે તેમના અંગત સ્વાર્થ માટે પ્રજાના આરોગ્ય સાથે પણ ગંભીર ચેડા થાય છે જયારે કૃષિ મહોત્સવમાં સરકાર ખેડૂતોને ખુબ મદદ કરે છે તેવી જાહેરાતો કરે છે તો આવા ઉદ્યોગો નજીક આવેલા ખેડૂતો બૂમબરાડા પાડીને થાકી જાય છે છતાં પ્રદુષણ નિયંત્રણ મૌખિક કે લેખિતમાં જાણ કરવામાં છતાં માત્ર હપ્તાની લ્યાહમાં માત્ર નાટકમય રીતે તપાસ કરી ભીનુ સંકેલતા હોવાનું પંથકના લોકો જણાવી રહ્યા છે તો બીજી બાજુ દિવાળી કે અન્ય તહેવારની મીઠાઈ જેવા પેકેટના વજનથી મહિને કે વાર્ષિક હપ્તાઓથી પ્રદુષણ નિયંત્રણ ચુપકી સાધીને બેઠું છે.

## ડીસામાં ખટ-મીઠા મધુર ફાલસાની વિપુલ આવક

### ફાલસાની ખેતી રોકડીયો પાક હોવાનું ખેડૂતોનું મંતવ્ય

ડીસા, તા. ૨

ઉનાળામાં બજારમાં દેખાતુ અને રતુમડા દેખાવનું બોર જેવડા કદ વાળું ફળ ફાલસા સહુ કોઈનું પ્રિય ફળ છે. વર્ષમાં એક જ વાર દેખાતા આ ફળના અનેકો ઉપયોગ આયુર્વેદ ઉપચારમાં જણાવાયા છે. ફાલસાને ઉત્તમ પૌષ્ટિક કહ્યાં છે. ગ્રીષ્મ ઋતુનું તે પરમ હિતકારી ફળ છે. ઠંડક આપનાર અને તદ્દન નિર્દોષ હોવાથી તેનું સેવન અબાલવૃદ્ધ સૌ કોઈ કરી શકે છે ત્યારે ડીસા પંથકના ખેડૂતો પણ ફાલસાની ખેતી કરી સારી એવી આવક મેળવી રહ્યા છે.

શહેરીકરણને કારણે અનેક દેશી ફળોની ઉપલબ્ધતા ઓછી થઈ ગઈ છે. ફાલસા પણ એવું જ એક ફળ છે. જે બજારમાં ભાગ્યે જ જોવા મળે છે. શહેરમાં ઘણા એવા લોકો હશે તેણે કદાચ આ ફળનું નામ પણ નહીં સાંભળ્યું હોય. ફાલસામાં અનેક રસાયણો અને મિનરલ્સ સમાયેલા છે. તેનું શરબત પીવાથી પાચન શકિતમાં વૃદ્ધિ થાય છે. ફાલસાનું વાનસ્પતિક નામ છે ગ્રેવિયા એશિયાટિકા. તે સ્વાદમાં ખાટા મીઠા હોય છે. ફાલસાનાં આશરે ૨૫ થી ૩૦ ફુટ ઉંચા વૃક્ષો બિહાર તથા ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ થાય છે. જંગલોમાં તે આપમેળે પણ ઉગી નીકળે છે.

બનાસકાંઠાના ડીસામાં એક પ્રગતિશીલ ખેડૂત હરીશભાઈ સેની છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી પોતાના ખેતરમાં ફાલસાના ૩૦૦૦થી વધુ વૃક્ષો વાવી ફાલસાના ફળનો પાક મેળવી સારી કમાણી કહી રહ્યા છે. ડીસાથી માત્ર ૮ કિમી દુર આવેલ પોતાના ફાર્મમાં હરીશભાઈ સેનીએ ફાલસાનાં ૩૦૦૦થી વધુ વૃક્ષો વાવ્યા છે. આ વૃક્ષ માત્ર ૩ વર્ષમાં જ ફળ આપતું થઈ જાય છે. અને ઉનાળામાં તેની ડાળીએ ડાળીએ રતુમડા કલરનાં બોર આકારનાં ફાલસાનાં ફળ આવે છે. એક વિકસિત ફાલસાનું વૃક્ષ ઉનાળાની સીઝનમાં પાંચ થી છ કિલો ફાલસા આપે છે. હાલ ફાલસા પ્રતિ કિલો રૂ. ૧૦૦નાં ભાવે વેચાય છે. ખેડૂત હરીશભાઈ એ રોકડીયા પાક સમાન ફાલસાની મોટા પાયે ખેતી કરેલ છે એક વૃક્ષ અંદાજીત ૧૫ વર્ષ સુધી સતત દર વર્ષે ઉનાળામાં ફાલસાનો મબલખ પાક આપતું હોઈ આ વૃક્ષોની ખેતી ખેડૂતો માટે આશીર્વાદ બની રહી છે. જેથી ખેડૂતો માત્ર બટાટા નહિ પણ આવા અન્ય રોકડીયા પાક સમાન ખેતી કરવા આગળ આવે તેવી સમયની માંગ ઉઠેલ છે.

## બડોદરા જિલ્લા પંચાયત સીટનો કૃષિ મહોત્સવ ઉજવાયો

તાજપુર કેમ્પ, તા. ૨

તલોદ તાલુકામાં આવેલ બડોદરા જિલ્લા પંચાયત સીટનો ૧૫મો કૃષિ મહોત્સવ સલાટપુર લેભોર તળાવ ચોકડી ઉમિયા મંદિરે મોટી સંખ્યામાં ખેડુતોની હાજરીમાં ઉજવાઈ ગયો.

આ મહોત્સવમાં જુદા જુદા વિભાગના અધિકારીઓએ ખેડૂતોને ખેતી અને પશુપાલન વિશે માહિતી પુરી પાડી હતી.

આ સમારંભમાં જુદા જુદા વિભાગના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. આ કૃષિ મહોત્સવમાં સાબરકાંઠા જિલ્લાના સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ, પૂર્વ કાયદા મંત્રી જયસિંહ ચૌહાણ, બંસીલાલ મહેતા, ઉપરાંત અધિકારી શ્રી ચૌધરી, તલોદ ભાજપ પ્રમુખ તથા તલોદ માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી ગજેન્દ્રસિંહ તથા કર્મચારી ગણ વગેરે હાજર રહ્યા હતાં.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧